# Virtual Summit between Prime Minister Shri Narendra Modi and Sweden's Prime Minister H.E. Mr. Stefan Löfven

March 04, 2021

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્વીડનનાં વડાપ્રધાન મહામહિમ શ્રી સ્ટીફન લોફવેન વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલન

માર્ચ 04, 2021

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 5 માર્ચ 2021 નાં રોજ કિંગ્ડમ ઑફ સ્વીડનનાં વડાપ્રધાન મહામહિમ શ્રી સ્ટીફન લોફવેન સાથે વર્ચ્યુઅલ શિખર સંમેલન યોજશે.

2. આ બન્ને નેતાઓ વચ્ચે 2015 પછીનો પાંચમો સંવાદ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ ભારત નોર્ડિક શિખર સંમેલન માટે એપ્રિલ 2018 માં સ્ટોકહોમની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન મહામહિમ શ્રી સ્ટીફન લોફવેને વિશે, મેક ઇન ઇન્ડિયા સપ્તાહ માટે ફેબ્રુઆરી 2016 માં ભારતની મુલાકાત લીધી હતી. અગાઉ, સપ્ટેમ્બર 2015 માં સંયુક્ત રાષ્ટરની સામાન્ય સભાનાં અવકાશમાં બન્ને નેતાઓ મળ્યા હતા. એપ્રિલ 2020 માં, બન્ને વડાપ્રધાનોએ કોવિડ-19 મહામારીથી ઉદ્ભવી રહેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે ટેલીફોનિક વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત, સ્વીડનનાં ઘેર મેજેસ્ટી કાર્લ XVI ગુસ્તાફ અને ક્વીન સિલ્વિયાએ ડીસેમ્બર 2019 માં ભારતની મુલાકાત લીધી હતી.

3. ભારત અને સ્વીડન લોકશાહી, સ્વતંત્રતા, બહુવાદ અને નિયમ-આધારિત આંતરરાષ્ટ્રિય શાસનનાં સંયુક્ત મૂલ્યોનાં આધાર પર સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. બન્ને દેશો વ્યાપાર અને રોકાણ, નવીનીકરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી તથા સંશોધન અને વિકાસનાં ક્ષેત્રોમાં ખુબ જ નિકટનો સહકાર ધરાવે છે. આશરે 250 સ્વીડિશ કંપનીઓ આરોગ્ય અને જીવન વિજ્ઞાન, ઓટો ઉદ્યોગ, ક્લીન એનર્જી, સંરક્ષણ, હેવી મશિનરી અને સાધનો જેવા વિવિધ સેક્ટરોમાં સક્રિય રીતે ભારતમાં કાર્યરત છે. આશરે 75 ભારતીય કંપનીઓ પણ સ્વીડનમાં સક્રિય છે.

4. આ શિખર સંમેલન દરમિયાન, બન્ને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર બાબતો પર વ્યાપક ચર્ચાઓ યોજશે અને કોવિડ કાલ બાદનાં સમયમાં સહકાર વધારે મજબૂત કરવા સહિત પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરશે.

**નવી દિલ્હી**

**માર્ચ** 04, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.